# Bi 121 OLD TESTAMENT

## પાઠ : ૧૭ મિસરમાં યુસુફ (ઉત્પત્તિ ૪૬-૫૦)

દરેક સંસ્કૃતિની અંદર ભેટ આપવી એ અતિ ઉત્તમ છે. ભેટ બતાવે છે કે તમે કોઈને પ્રેમ કરો છો ને તમે તેને માન આપો છો. આ રીતે ફારૂન રાજા એ પણ યુસુફને ન માની શકાય કે ન કલ્પી શકાય તેવી ભેટ આપી.

જયારે ફારૂન રાજાએ યુસુફ તથા તેના કુટુંબ વિશે જાણ્યુ ત્યારે તેણે સમાચાર આપ્યા કે, તારા ભાઈ ને જણાવ કે તેઓ કનાન જઈ તારા પિતાજીને લઈ આવે અને તેમનું કુટુંબ પણ સાથે લઈ આવે. વાહન માટે મિસરમાંથી ગાડા તથા તે લોકો માટે અનાજ લેતા જાઓ જેથી શાંતિથી તેઓ મુસાફરી કરી શકે. હુ તમને રહેણાકને માટે મિસરમાં સારામાં સારી જગ્યા આપીશ. યુસફ પોતાના ભાઈઓને નવા કપડા આપ્યા પરંતુ બિન્યામીનને તેણે ૫ જોડ કપડા ઉપરાંત ૩૦૦ રૂપાના નાણા આપ્યા તથા મિસર દેશની ઉત્તમ વસ્તુઓથી લાદેલા ૧૦ ગધેડા તથા માર્ગને સારૂ અનાજ, રોટલી તથા ખોરાક લાદેલી ૧૦ ગધેડીઓ આપી.

શું તમે કલ્પી શકો છો કે તેના ભાઈઓ ઘરે કનાન પહોંચ્યા ત્યારે કેવો વિચાર કરતા હશે ? તેઓએ કહયું, "પિતાજી શું તમે અનુમાન કરી શકો છો કે ઈજીપ્તમાં હાલ કોણ અધિપતિ છે. શું તમે માની શકો છો કે તે તમારો ખોવાયેલો દિકરો છે. યુસુફ હજી જીવતો છે ને તે ખરૂ છે." યાકુબ આ દરેક બાબત જાણીને દિગ્મૂઢ બની જાય છે. પહેલા તો તે આ વાત માનવા તૈયાર ન હતો કે યુસુફ જીવતો છે પરંતે તે લોકોએ જે વાતો કહી તે બધી સાંભળી તેનાં પર વિશ્વાસ કર્યો.

ત્યાર પછી યાકુબ, તેનું કુટુંબ તથા તેનાં વંશજ મિસર જવા માટે તૈયાર થયા. તે વારંવાર ઈબ્રાહિમ, ઈસહાકના દેવની આરાધના કરવા માટે ઉભા રહેતા અને બલિદાન આપતા હતા. યહોવાએ તેજ રાત્રે તેને દર્શન દ્વારા બતાવ્યુ કે, 'હ તમારો દેવ છુ. મિસર જવામાં તમે ડરશો નહિ. હું તમારી સાથ છુ અને હું તમને મોટા દેશમાં લઈ જઈશ અને ત્યાર બાદ આ દેશમાં તમારા વંશજને પાછા લાવીશ."

દુકાળના આ દિવસો મિસરમાં પણ પુષ્કળ મુશ્કેલીભયા હતા. આ દુકાળમાંથી બચવા માટે મિસરના લાકોએ પોતાના બધાજ નાણા, અનાજ ખરીદવા ખર્ચી નાખ્યા. તે લોકોએ પોતાના માટે અનાજ પ્રાપ્ત કરવા યુસુફ પાસે પોતાના ઢોરઢાંક, જમીનો તથા પોતાની જાતને ગુલામગીરી માટે ખર્ચી નાખી હતી. તે સમય દરમિયાન ઈસ્રાએલ લોકો પાસે પુષ્કળ ખોરાક તથા માલ મિલકતમાં વધારો થયો ને તેઓ આશીર્વાદિત થયા. ફારૂન રાજાએ યુસુફના હોદ્દા પ્રમાણે તેનાં કુટુંબનાઓની બધી જરૂરીયાતો ગોશન દેશ જ નાઈલ નદીના કાંઠે વસેલો દેશ છે

તેમાં પુરી પાડી.

યાકુબ મિસરમાં ૧૭ વર્ષ જીવે છે અને મૃત્યુ અગાઉ યુસુફને બોલાવીને જણાવે છે કે મને મિસરમાં દાટશો નહિ. પરંતુ મને વચન આપ કે કનાન દેશમાં મારા પિતાજીની પાસે દાટવામાં આવે, અને તે વચન માટે યુસફ સહમત થયો. યાકુબે યુસુફને જણાવ્યું કે તારા બંને બાળકો હવેથી મારા છે. એફાઈમ અને મનાશ્શાહ જે રીતે રુબેન અને શિમાઓન મારા છે તેજ રીતે. મને અપેક્ષા ન હતી કે હું ફરી તારુ મુખ જોઈ શકુ પણ ઈશ્વરે મને તને તથા તારા બાળકોને દેખાડયા. તેણે તેઓને ચુંબન કર્યુ તથા તેમને ગળે વળગાડયા.

યુસુફ એ તેના બાળકો ને લીધા અને યાકુબની સામે નમ્યા પછી તેણે મન્નાશા ને યાકુબ ના જમણા હાથે અને એફ્રાઈમને ડાબા હાથ ઉપર રાખ્યો. યુસુફ પ્રયત્ન કર્યો કે, તેના પિતાનો હાથ તેઓ મનાશ્શા પર મુકે એવું કહેતા કે, "પિતાજી મનાશ્શા એ પ્રથમ જન્મેલો છે તમારા જમણા હાથનો આશિર્વાદ તેને મળવો જોઈએ."

યાકુબે કહયું કે, "દિકરા હુ જાણુ છુ કે હું શું કરું છુ. મનાશ્શા એક મહાન જાતિ બનશે. પણ એફ્રાઈમનાં વંશજો વધારે મહાન થશે." આમ યાકુબે એફ્રાઈનને મનાશ્શાની આગળ રાખી તેને આશીર્વાદ આપ્યો. ત્યાર પછી યાકુબે તેને બધા બાળકોને બોલાવીને દરેકને અલગ અલગ આશીર્વાદ આપ્યા અને કહયું "યહુદા એક રાજકીય જાતિ બનશે અને દેવના વચન મુજબ તેના વંશજો તેની પાસે આવશે."

જયારે યાકુબ મરણ પામ્યો ત્યારે યુસુફ અને આખા મિસર શોક કર્યો. યુસુફે ફારુન રાજા પાસે વિનંતી કરી કે તે કનાન પાછો જઈને તેના પિતાને ત્યાં દફનાવે, જેમ તેઓ અગાઉ શપથ લીધા હતા તે પ્રમાણે ફારુનના બધાજ મહાનુભાવો તથા યુસુફના પરિવાર તથા તેના બધા ભાઈઓએ સમગ્ર પરિવાર મુસાફર સાથે મુસાફરી કરી. તમામ રથો તથા ઘોડે સવારો સાથે યાકુબને કનાનમાં આવેલા મામરની નજીક આવેલી કબરમાં દફનાવવામાં આવ્યો કે જયાં ઈબ્રાહિમ તથા સારાહ, ઈસહાક, રોબકાહ, તથા લેઆહને દાટવામાં આવ્યા હતા.

મિસર પાછા ફર્યા પછી યુસુફના ભાઈઓ બધા એવુ વિચારીને કે, "યુસુફ તેના હવે તેના સાથે કરેલા ભુંડાનું વેર વાળશે. તેથી તેઓએ યુસુફને એવા સંદેશા મોકલ્યો કે "અમે તારી વિરૂધ્ધ કરેલા મહાન પાપની માફી આપજે" મહેરબાની કરીને તારાબાપના દેવના દાસોનો અપરાધ તુ માફ કરજે."

જયારે યુસુફે એ સંદેશો સાંભળ્યો ત્યારે તે રડયો. તેના ભાઈઓ આવીને તેની આગળ નમી પડયા અને બોલ્યા, "જો અમે તારા દાસ છીએ."

તેણે ઉદારતાથી જવાબ આપ્યો કે "ડરોમાં, શું હું દેવના સ્થાને છુ? તમે માર ભુંડુ ઈચ્છયું, પણ દેવે તેમાં ભલુ કય છે. જેમ હંમેશા તે કરે છે તેમ. તણ ઘણા લાકોના જીવ બચાવ્યા છે. મારુ સાંભળો અને ડરોમાં. હું તમને તથા તમારા છોકરાઓને પાળીશ.

યુસુફ ૧૧૦ વર્ષ જીવ્યો અને તેણ ત્રીજી પેઢીના એફ્રાઈનના છોકરા જોયા. તેના મરતા પહેલા તેણે તેના ભાઈઓને કહયું, "દેવ તમારી ખબર ચોકકસ લેશે અને જે દેશ સંબંધી ઈબ્રાહિમ, ઈસહાક, યાકુબ આગળ સમ ખાધા હતા તેમાં તમને લઈ જશે. જયારે તેમ થાય તમે મારા હાડકા અહિથી લઈ જજો કે વચનના દેશમાં તેને દફનાવો."

આ વાર્તા મહત્વની છે કારણ કે, દેવનો હેતુ સર્વ લોકોને જીવન આપવાનો છે. તેઓ યુસુફન ફકત પોતાના લોકોને બચાવવા નહીં પરંતુ બધા મિસરીઓને પણ કે જેઓ દુષ્કાળમાં ફસાયા હતા તે તમામને બચાવવા માટે યુસુફનો ઉપયોગ કર્યો. દેવ ઈચ્છે છે કે તેના લોકો આજે પણ આશીર્વાદના માધ્યમ બની રહે. ખ્રિસ્તીઓએ તેઓના વિરોધીઓ કે જેઓ તેઓ સાથે અયોગ્ય વર્તન કરે છે તેઓને પણ માફી આપવી જોઈએ. એ જેઓ તેને ખોટા કહે છે તેઓને માફી આપવી જોઈએ. દેવની પાસે આપણ સર્વ માટે ભવિષ્યનાં હેતુઓ છે.

આ વાર્તાનું મુખ્ય સત્ય એ છે કે, દેવના લોકો તેઓ કલ્પના કરે તે કરતા પણ વધારે સારી રીતે દેવ તેઓની જરૂરીયાત પુરી પાડે છે, જો તેઓ જીવનમાં આવતા ઉતાર ચઢાવમાં વિશ્વાસુ બની રહે તો.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ ફારૂન રાજાએ યાકુબના કુટુંબોને કયુ વચન આપ્યુ હતુ ?

(જ) (૫ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- ફારૂન રાજાએ તેઓને મિસરની સૌથી ઉત્તમ જગ્યા આપવાનું કહયું - તો તમે સાચા છો.

પ્ર.૨ મિસર જવાના રસ્તા ઉપર યાકુબને દેવ તરફથી કયુ વચન મળ્યુ ?

(જ) (૫ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- ચોકકસ સમય હું તારા વંશજોને વચનના દેશમાં પાછા લાવીશ- તો તમે સાચા છો.

પ્ર.૩ યુસુફના ભાઈઓ તેના પિતાના મરણ પછી શા કારણે બીતા હતા ?

(જ) (૫ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- તેઓએ વિચાર્યુ કે યાકુબ મરણ પામ્યો છે અને યુસુફ પોતાન વેર વાળશે - તો તમે સાચા છો.

પ્ર.૪ યુસુફના મરણ પહેલા તેની છેલ્લી ઈચ્છા કઈ હતી ?

(જ) (૫ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- દેવ જયારે તમને કનાન પાછા લઈ જાય ત્યારે મારા હાડકા પણ ત્યાં સાથે લઈ જજો - તો તમે સાચા છો.

યુસુફની વાર્તાનો છેલ્લો ભાગ એજ વ્યકિતને કહો જેણે પહેલા ત્રણ ભાગ સાંભળ્યા છે. તેઓ પહેલા ત્રણ ભાગ સાંભળ્યા છે પછી તેને પુછો "આ વાર્તાનો હેતુ શું છે?" તમને ઘણા અલગ-અલગ જવાબ મળશે જેમકે, દેવ તેમના લાકોને પુરુ પાડે છે પણ કદાચ ખુબજ અગત્યની વાત, દુશ્મનોને માફી આપવાની શકિત એ પણ ત્યારે જયારે તેઓ તમારા કુટુંબીજન માંથી હોય. તમારા મિત્રો જે જવાબ આપે તેની ઉપર ચર્ચા કરો.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યાપછી તેમના જવાબો આપો.